Research Paper Commerce

# A Study of The Valsad Co-Operative Sugar Factory Ltd. in The Content of The Role of Co-Operative Society for Foundation of Employment in Village Area.

**Prof. Vanitaben N. Desai** — Associate Professor, Department of Economics Arts & commerce College Motapondha V .N. S. G.University Surat (India)

**Prof. R. L. Patel** — Associate Professor Department of Economics Arts & commerce College Motapondha V .N. S. G.University Surat (India)

**KEYWORDS**

પ્રસ્તાવના :– ભારત ગામડાઓનો બનેલો દેશ છે. દેશની કુલ વસ્તીમાંથી ૬૨% વસ્તી કૃષિક્ષેત્રમાં રોકાયેલી છે. જેને ધ્યાનમાં રાખી કૃષિક્ષેત્રમાં ખેડૂતોને શાહુકારોના શોષણમાંથી મુકત કરાવવાનાં હેતુથી સહકારી પ્રવૃત્તિનો વિકાસ થયો. જેની શરૂઆત ૨૫/૦૩/૧૯૦૪ ના રોજ કાયદાના સ્વરૂપથી બંગાળના કલકત્તા શહેરથી થયેલી આપણો ભારતદેશ વિશ્વમાં સૌથી મોટી સહકારી પ્રવૃત્તિ તરીકે ગૌરવ અનુભવે છે. દેશમાં સાર્વજિક સરકારી ક્ષેત્ર પછી વધુ રોજગારી આપનાર સહકારી પ્રવૃત્તિએ બીજુ ક્ષેત્ર છે. દેશના તમામક્ષેત્રો–કૃષિ તેમજ સંલગ્ન ગતિવિધિઓના નિર્માણમાં, સેવાઓમાં તેમજ આ દેશના સામાજિક આર્થિકવિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. જે સાથે સહકારી પ્રવૃત્તિઓ ગ્રામ્યવિસ્તારમાં રોજગારીની વિપૂલ તકો ઉભી કરી ગરીબી નિવારણમાં અખૂટ ફાળો આપી રહી છે.

ગુજરાતના વલસાડ જિલ્લામાં ૨૩ પ્રકારની ૨૧૦૩ જેટલી સહકારી મંડળીઓ આવેલી છે. જે જિલ્લાના આર્થિકવિકાસમાં મહત્વનું યોગદાન પૂરુ પાડી રહી છે. આ સહકારી મંડળીઓમાં શ્રી વલસાડ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ. પોતાની કામગીરીથી આજે જિલ્લામાં રોજગાઢ રીના ક્ષેત્રે નમૂના રૂપે નજર સમક્ષ ઉભરી આવેલ છે.

સમસ્યાકથન :– વલસાડ જિલ્લાની ગ્રામ્યવિસ્તારની રોજગારી સર્જનમાં વલસાડ સહકારી ખાંડ ઉદ્યોગના ફાળાની જાણકારી મેળવવા માટે સંશોધકે પ્રસ્તુત વિષય પસંદ કરી અભ્યાસ કરવાનું નક્કી કરેલ હતું. ગ્રામ્ય વિસ્તારમાં રોજગારી સર્જનમાં સહકારી ક્ષેત્રની ભૂમિકાના સં દર્ભે વલસાડ સહકારીખાંડ ઉદ્યોગ મંડળી લિ.નો અભ્યાસ.

અભ્યાસનો હેતુઃ–

૧. ગ્રામ્યવિસ્તારમાં રોજગારી સર્જનમાં સહકારી ખાંડઉદ્યોગના ફાળાનો ખ્યાલ મેળવવા માટે.

અભ્યાસની મયાદાઓ :– પ્રસ્તુત અભ્યાસ વલસાડ સહકારી ખાંડઉદ્યોગ પુરતોજ મર્યાદિત છે.

સંશોધનનું મહત્વ :– સતત વધતા જતા વસ્તી વધારા સાથે બેરોજગારી સમસ્યા સતત વધતી જ રહી છે. જે સંજોગોને ધ્યાનમાં રાખી સહકારીમંડળી દ્વારા ખાંડ ઉદ્યોગોને પ્રોત્સહન આપવામાં આવે તો ગ્રામ્યવિસ્તારમાં કૃષિવ્યવસાયમા શેરડીનુ વાવેતર વધતા રોજગારીમાં વધારો થાય સાથે જ ખેડૂતોની આવક વધતા શિક્ષણ અને જીવન ધોરણમાં સુધારો લાવી શકાય, ગ્રામ્યવિસ્તારમાં રોજગારી તકો ઉભી થઈ રહેવાથી શહેરી વિસ્તાર તરફ થતુ સ્થળાંતર અટકઢ ાવી શકાય.

સંશોધન પદ્ધતિ :– પ્રસ્તુત અભ્યાસમાં મુલાકાત પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ઉપકરણો :– પ્રસ્તુત સંશોધનમાં વલસાડ સહકારી ખાંડ ઉદ્યોગનો અભ્યાસ કરવા માટે સં શોધકે શ્રી વલસાડ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ.ની મુલાકાત લીધી હતી. સાથે વલસાડ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ. નો ૪૨મો વાર્ષિક અહેવાલનો અભ્યાસ કર્યો હતો.

માહિતી એત્રીકરણ :– પ્રસ્તુત અભ્યાસમાં વલસાડ સહકારી ખાંડ ઉદ્યોગમાં જઈ રૂબરૂ માહિતી એકત્રીત કરવામાં આવી હતી.

મંડળીનો ઉદ્‌ભવ :– ગુજરાત રાજયના વલસાડ જિલ્લામાં ખેતીનો વિકાસ મોટાપાયે થઈ રહયો છે. જેથી ખેતીક્ષેત્રના વિકાસ અર્થે અને ખેડૂતોને શાહુકારોના શોષણમાંથી મુકત કરવા અને રોજગારી પ્રાપ્ત થઈ રહે એ હેતુને ધ્યાનમાં રાખી રજી.નં.નધણ–સં ૧૬–૨૦૪ તાઢ .૦૧/૦૫/૧૯૭૨ના રોજ વલસાડ જિ.માં મુ.ખોખરા ફળિયા, પારડી–પારનેરા પો. વલસાડ સુગર ફેકટરીની સ્થાપના થઈ હતી. આ મંડળીના આદ્યસ્થાપકશ્રી કેશવભાઈ રતનજી પટેલ મૂળી ગામના વતની હતા. જેઓ મંડળીના ચેરમેન હતા. ગ્રામ્ય વિસ્તારની પરિસ્થિતિથી સજાગ હોય લોકોને રોજગારી પ્રાપ્ત થઈ રહે સાથે આર્થિક પરિસ્થિતિમાં સુધારો થાય એ હેતુથી મંડળીની સ્થાપના કરી હતી. જે તેમના અથાગ પ્રયત્નોનું પરિણામ છે. જેના કારણે જ વર્તમાન સમયમાં વલસાડની આસપાસના ગામોમાંથી ખેડૂતો શેરડીનુ ઉત્પાદન કરી સુગર ફેકટરી સુધી પહોચાડી આવકમાં વધારો કરી જીવનધોરણમાં સુધારો લાવી શકયાં છે. ખેડૂતોને ખેતીક્ષેત્રમાં ખૂબ ઉપયોગી બની પૂરા દેશમાં ગુજરાતમાં સહકારી સંસ્થાઓ માટે એક પ્રેરણા સ્ત્રોત બની ગયા છે.'સૌ નો સાથ સૌ નો વિકાર્સ દ્વારા રોજગારીમાં વધારો કરવામાં સફળ બની શકયા.

મંડળીનું સંચાલન (વ્યવસ્થાપક) મંડળ

હાલના પ્રમુખશ્રી :– શ્રી જયંતિભાઈ ઉકાભાઈ પટેલ (પાલણ)

ઉપપ્રમુખશ્રી :– શ્રી દલપતસિંહ ભાણાભાઈ પટેલ (ધનોરી ફ.)

મેનેજીંગ ડિરેકટરશ્રી :– શ્રી માધવ ડી. શીંદે (વલસાડ)

૧૩ કમિટીના સભ્યોશ્રી

કર્મચારીગણ :– ૬૬૭

સભાસદની સંખ્યા :– ૨૦,૦૦૦(લગભગ)

ઓડીટવર્ગ વર્ષ :– ૨૦૧૩–૧૪ 'અ' વર્ગ

મંડળીનું કાર્યક્ષેત્ર :– (વલસાડ જિલ્લો) ૭૦ કિલો.મી. વિસ્તારથી શેરડી સુગરફેકટરી સુધી પહોંચે છે. ઉપરાંત માંડવી, અંકલેશ્વર, વાલિયા, ભરૂચ.

મંડળીની સિદ્ધિ :– ૧૯૯૫ થી પાંચ વર્ષે સતત ઉત્પાદન એવોર્ડ પ્રાપ્ત કરેલ છે.

મંડળીના કાર્યક્ષેત્રનું અવલોકન :–

૧. પ્રસ્તુત સુગર ફેકટરીની મુલાકાત દરમ્યાન જાણવા મળેલ છે કે મંડળી પોતાના નામના શેર બહાર પાડે જે શેર ખરીદીને સભાસદ બને અને આ સભાસદો દ્વારા શેરડીનું જે રોપાણ થાય તે પાક ફેકટરીમાં પિલાણ માટે ખરીદવામાં આવે. આ સભાસદો તે ઉત્પાદન ઉપર બે હપ્તામાં શેરડીના ટન દીઠ ભાવ ચૂકવવામાં આવે છે. તેમજ સભાસદોને ખાંડ અને ખાતર પણ મંડળી તરફથી સસ્તા દરે આપવામાં આવે છે. અને તેમના શેરો ઉપર વ્યાજ પણ ચૂકવવામાં આવે છે.
૨. સભાસદોને સંચાલક મંડળીની ચૂંટણીમાં મત આપવાનો અધિકાર મળે છે જેથી સંસ્થાનો વહીવટ લોકશાહી ઢબે થઈ શકે છે.
૩. મંડળીના સભાસદ દ્વારા શેરડીનું વાવેતર સતત વધતું રહયુ છે. જેથી ગ્રામ્ય વિસ્તારમાં રોજગારીની તકોમાં વધારો થઈ રહયો છે. જેમ કે સભાસદની રોપાણ શેરડી ૧૪૧૬ એકરલામ ૧૨૩૬ એકર મળી કુલ ૨૬૫૨ એકર શેરડી નોંધાયેલ છે. નોમીનલ (અઢ ન્ય) સભાસદોની ૫૧૧૭ એકર રોપાણ શેરડી અને ૩૯૨૫ એકરલામ મળી કુલ ૯૦૪૨ એકર શેરડીની નોધ થયેલ છે. આમ સંસ્થા પાસે કુલ ૧૧૬૯૪ એકર શેરડી ઉપલબ્ધ છે. જે સુગરફેકટરીએ કાર્યવિસ્તારમાંથી તેમજ કાર્યવિસ્તાર બહારથી તેમજ અન્ય સુગર ફેકટરીમાંથી મેળવવા માટે આયોજન કરેલ છે.
૪. કુલ પિલાણ થયાના દિવસો પાંચવર્ષમાં સરેરાશ જોતા ૧૧૪ થી ૧૮૩ રહયા છે.
૫. શેરડી વાવેતર ૯૦૫૭ થી ૧૩૯૯૦ જમીન ઉપર થયેલ છે. એટલે કે ૨૦૦૯–૧૦ થી ૨૦૧૩–૧૪ દરમ્યાન સતત વાવેતરમાં વધારો નોંધાયેલ છે.
૬. ખેડુત વર્ગને ખેતીના અદ્યતન ટેકનોલોજીના સાધનો ખરીદવા લોન મળે છે.
૭. બાયો ફર્ટીલાઈઝર વિતરણ

૧. ચાલુ વાવેતર સીઝન ૨૦૧૪–૧૫ ના વર્ષમા સંસ્થા લીકવીડ બાયો ફર્ટીલાઈઝર ઉત્પાદન કરી સભાસદોને રાહત દરે નોધ થયેલ શેરડી પર વિતરણ કરવામાં આવે છે.

૨. લુઝકંપોસ્ટ, એનડ્રીય બાયોકંપોસ્ટ જમીન ઉપર શેરડીનો પાક વર્ષો વર્ષ લેવામા આવતા જમીનની ફળદ્રુપતા ઘટવા પામી છે. ઉત્પાદન ઉપર માઠી અસર પડી છે. બીજી તરફ સારી ગુણવત્તાનું છાણીયુંખાતર અને સેન્દ્રીય ખાતરની કિંમત ઘણી જ વધારે હોય ઉપરાત જરૂરી સમય મર્યાદામાં પ્રાપ્ત નહી થવાથી ખેડૂતોએ સુગર ફેકટરીની આડપેદાશ 'પ્રેસમડૃની જરૂરી જૈવિકખાતર વાપરી બનાવેલ બાયોકંપોસ્ટનો ઉપયોગ કરવો હિતાવહ છે. જે'નહી નફો નહી

ખોર્ટ ના ધોરણે સભાસદોને સંસ્થા દ્વારા વિતરણ કરવમાં આવે છે.

સહકારી મંડળી દ્વારા રોજગારી :–

૧. સહકારી મંડળીમાં કાયમી ધોરણે શ્કાર્યકર્તા કર્મચારીઓની સંખ્યા ૬૬૮ જેટલી છે. જેઓને સુગર ફેકટરીજ રોજગારી ચૂકવે છે. જયારે વર્ષ દરમ્યાન કોન્ટ્રાકટબેઝ પર કામ કરતા મજૂરવર્ગોની સંખ્યા ૧૦૦ થી ૧૫૦ની આસપાસ જાણવા મળેલ છે.
૨. સુગર ફેકટરીમાં શેરડી કર્ટીગ માટે મહારાષ્ટ્ર જેવા અન્ય પ્રદેશમાંથી આવેલ મજૂર વર્ગોની સંખ્યા લગભગ ૩૦૦૦ થી ૪૦૦૦ જેટલી છે. આમ જોતા સુગરફેકટરીની રોઢ જગારી પોતાના જિલ્લા પૂરતી જ મર્યાદિત ન રહેતા અન્ય વિસ્તારના મજૂર વર્ગો માટે પણ સહાયભૂત નીવડેલ છે.
૩. શેરડી કર્ટીગ કરી મંડળી સુધી પહોચાડવા માટે ૨૦૦ જેટલી ટ્રક અને ટ્રેકટરો રોકેલ છે. જે વાહન માલિકોને રોજગારી પૂરી પાડે છે.
૪. ૭ થી ૮ કિલો.મી.ના વિસ્તારથી શેરડી લાવવા માટે બળદગાડાનો ઉપયોગ થાય છે. જેનાથી બળદગાડાના કુટુંબને પશુપાલક વર્ગોને, ગામડાને સુથાર વર્ગોને રોજગારી પ્રાપ્ત થયેલ છે.
૫. શેરડીના વાવેતર માટે જમીન તૈયાર કરવા માટે અનેક આધુનિક સાધનોની ખરીદી થાય છે. જેથી ઓજારો બનાવતા ઉદ્યોગોને રોજગારી પ્રાપ્ત થાય છે. સાથે જ ગામડાના મજૂર વર્ગોને છૂટક રોજગારી પ્રાપ્ત થઈ રહે છે.
૬. શેરડીનું વધુ ઉત્પાદન આપતી જાતોની શોધ કરી રહેલ કૃષિવિજ્ઞાન કેન્દ્રોને પણ રોજગારી પ્રાપ્ત થાય છે સાથે જ ખેડૂતોને સારી જાતનું બિયારણ પૂરું પાડે છે.
૭. શેરડીના વાવેતરની સાથે જ સિંચાઈ અને પાક સંરક્ષણની જરૂર રહે છે. જેનો વિકાસ પણ રોજગારીના સર્જનમાં મહત્વનો ફાળો આપે છે.
૮. શેરડીના કર્ટીગ પછી શેરડીનો કુમળોભાગ દૂધાળા ઢોરને ઘાસચારા રૂપે આપવામાં આવે છે. જેથી શેરડીના વાવેતરથી ડેરી ઉદ્યોગને પણ પ્રોત્સાહન મળેલ છે. ડેરી ઉદ્યોગ અનેક લોકોને રોજગારી પૂરી પાડે છે. આમ સહકારી ખાંડઉદ્યોગો જમીન તૈયાર થાય ત્યાંથી શરૂ કરી ખાંડનું પેકીંગ થાય ત્યા સુધી રોજગારી સર્જન કરે છે. ઉપરાંત ખાંડ ઉદ્યોગની વિશિષ્ટતાએ જણાય હતી કે ખાંડ ઉદ્યોગમાં પિલાણ ચાલુ હોય ત્યારે વીજળીનું ઉત્પાદન શેરડીનો નકામો ભાગનો ઉપયોગ કરીને જ કરવામાં આવે છે. આમ શેરડીનો એક પણ ભાગ નકામો જતો નથી.

આમ સહકારી ખાંડ ઉદ્યોગમાં શેરડીનો એક એક ભાગ સહકાર આપે છે જે સહકારનું સાચુ દ્રષ્ટાંત છે.

તારણો :–

૧. સહકારી ખાંડ મંડળી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ગ્રામ્યવિસ્તારમાં રોજગારી સર્જનમાં મહત્વનો ફાળો આપી રહી છે.
૨. ખેડૂતોને ખેતીક્ષેત્રમાં અદ્યતન ટેકનોલોજીના સાધનો ખરીદવા માટે લોન મળે છે.
૩. સુગરફેકટરીમાં જરૂરિયાતના પ્રમાણ પોતાના કાર્યવિસ્તારમાં શેરડીનું વાવેતર ઓછુ હોઢ વાથી અન્ય વિસ્તારમાંથી મેળવવા માટે આયોજન કરવું પડે છે.
૪. બાયોકંપોસ્ટ ખાતર નહી નફો નહી ખોટના ધોરણે સભાસદોને સંસ્થા દ્વારા વિતરણ કરઢ વામાં આવે છે.
૫. પશુપાલન વ્યવસાયને પ્રોત્સાહન મળેલ છે.

શૈક્ષણિક ફલિતાર્થ :–

૧. ગ્રામ્ય વિસ્તારમાં ખેડૂતો વધુને વધુ શેરડીનું વાવેતર કરે તે માટે જરૂરિયાતના પ્રમાણ ધિરાણ અને સબસીડી આપવા જોઈએ.
૨. ખેડૂતોને શેરડીના વાવેતર પછી ઉત્સાહ રહે તે માટે તળિયાના અને ટોચના ભાવોની જાઢ હેરાત કરવી જોઈએ. જેથી ખેડૂતો વધુ ઉત્પાદન કરવા પેરાય અને તેમને આ ક્ષેત્રમાંથી વધુ રોજગારી મળી શકે.
૩. જો શેરડીનું ઉત્પાદન વધશે તો આ ક્ષેત્રે જોડાયેલ દરેક પ્રકારના કર્મચારીઓની સંખ્યા વધશે જેથી તેટલી રોજગારી પર સારીઅસર થશે.
૪. ખેડૂતો વધુ ઉત્પાદન માટે આધુનિક ટેકનોલોજીકલ સાધનોનો ઉપયોગ આ શેરડીની ખેતી માટે વધુ કરે તેનુ તેઓને ખાસ સૂચન કરવું.
૫. આ વસ્તુની ખેતીમાં વધુ આગળ વધવા માટે કંઈને કંઈ નવુ સંશોધન થાય તે માટેના પ્રયત્નો ખેડૂતો પાસે પણ કરાવવા અને સરકારે પણ પોતે પ્રયત્ન કરી ખેડૂતોને તેની માહિતી સમયસર આપતા રહેવું જેથી શેરડીની ખેતી પર સારી અસર થાય.

## REFERENCES

૧. શ્રી વલસાડ સહકારી ખાંડઉદ્યોગ મંડળીલિ.ની મુલાકાત. ૨. વલસાડ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ. નો ૪૨ મો વાર્ષિક અહેવાલ તથા હિસાબ સને.૨૦૧૩–૧૪ ૩. સહકાર સપ્તાહ વિશેષાંક ૨૦૧૨ ૪. ૫૯ મુ અખિલ ભારત સપ્તાંહ ૧૪ નવેમ્બર થી ૨૦ નવેમ્બર ૨૦૧૨, ગુજરાત રાજય સહકારી સંઘ. |